Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન અને મરણ

સંપાદક

મુકુલભાઈ કલાર્થી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... ५० ग / १५

पञ्जिका संख्या..... ३०६३५

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૮૧

જીવન અને મરણ

स्टाक प्रमाणीकरण ११८४-११८५

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ६०त
आगत सं० ५५
तिथि २०६३६
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

C 1973
Initial

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

૭ આના

એપ્રિલ, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

સરકારી ઇનામી યોજના નિમિત્તે આ ચાર વાર્તાઓનો સંગ્રહ યોજવાનો વિચાર આવ્યો. ચારે વાર્તાઓ સારી પેઠે પંકાયેલી છે. તેના મૂળ લેખકો આપણા સાહિત્યમાં જાણીતા છે. પહેલી વાર્તા સ્વદેશી ધર્મનું રહસ્ય બતાવતી સ્વ૦ શ્રી અંબાલાલ સાકરલાલે લખેલી તે છે. બીજી વાર્તા સ્વ૦ શ્રી. મહાદેવભાઈ દેસાઈની છે. અને બાકીની બે શ્રી રાજાજીની છે. તેમને સમાજશિક્ષણમાં ઉપયોગી કરવા માટે ટૂંકાવીને નાની તથા સરળ કરવાનું કામ સંપાદકે કર્યું છે, એટલું જ. વાર્તાઓ હિંદના ગ્રામજીવનનાં અનેક વિધ પાસાંનું આબેહૂબ ચિત્ર રજૂ કરે છે. એટલે આજે પણ નવશિખાઉ પ્રૌઢોને તથા વાત-રસિયાં બાળકોને તે ખપ લાગશે માન્યું છે. મોટેરાં પણ વાંચશે તો કલાકેક નકામો ગાળ્યો એમ નહીં જ લાગે, એવો કથારસ અને યથાર્થ પાત્રાલેખનકળા એમાં રહેલાં છે.

૧૧–૪–'૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૩
૧.	ગ્રામ-પરિવાર	૫
૨.	ઇબ્રાહીમકાકા	૧૬
૩.	જીવલેણ ગાડું	૨૩
૪.	બ્રાહ્મણીનો છોકરો	૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

ગ્રામ-પરિવાર

૧

ચરોતરમાં મહેમદાવાદથી પાંચ સાત ગાઉ ઉપર પાટીદારની વસ્તીનું એક જૂનું ગામ છે. એ વસ્તીમાં મોટું ને મોભાવાળું ઘર શાન્તિદાસ પટેલનું છે. શાન્તિદાસને છ દીકરા છે, તેમાંનો સૌથી નાનો ભિખારીદાસ નામે છે.

શાન્તિદાસની વહુના મનમાં એમ આવ્યું કે, મારા છ દીકરામાંથી આ નાનો દીકરો અંગ્રેજી ભણે ને સરકારી નોકરીએ વળગે તો કેવું સારું! તેણે શાન્તિદાસને એ વાત કહી. શાન્તિદાસને થયું, 'છોકરો છેલ્લા ખોળાનો છે અને આટલી ઉંમરે બૈરાંને નાખુશ કરવાં એ ઠીક નહીં.' એટલે તેમણે કબૂલ કર્યું.

સારું મહુરત જોઈને અંગ્રેજી ભણાવવા ભિખારીદાસને અમદાવાદ વિદાય કર્યા. દર માસે ખાધાખાઈ તથા ફીના દસ બાર રૂપિયા અમદાવાદ મોકલવા પડે, તે મોટા કબીલાદાર આદમીને ભારે પડતા. પણ વરત લીધું તે પૂરું કરવું, એમ સમજી શાંતિદાસ કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલતા નહોતા. અંતે સાતે વરસે ભિખારીદાસ મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયો.

ગામના સૌ લોક શાન્તિદાસને કહે કે, 'હવે બાપા, અધૂરું ન રાખશો; હવે તો ભિખારીદાસને મુંબઈ મોકલો; બે પૈસા દેવું થશે તો જારબાજરીનો રોટલો ખાઈને પેટે પાટા વાળી દેવાશે, પણ હવે તો એમને મુંબઈ મોકલો.' એમ બધા ઘણો આગ્રહ કરીને કહેવા લાગ્યા.

આખા ગામનો આગ્રહ જોઈ તેમણે પણ અંતે નમતું મૂક્યું; ને ભિખારીદાસને મુંબઈ ભણવા રાખવાનો વિચાર નક્કી કર્યો. ખરચ સારુ ગામના શાહુકાર વનમાળીદાસને ત્યાંથી પ્રથમ રૂપિયા સોનો ઉપાડ કર્યો.

વિદાય થતાં પહેલાં ભિખારીદાસને કોરે બોલાવીને શાંતિદાસે કહ્યું : "ભાઈ, મારી પાસે પૈસા નથી; મુંબઈ તો ઈંદ્રપુરી જેવું છે; ત્યાં ભાત ભાતની જણસો મળે છે; તરેહ તરેહના શોખ ત્યાં થઈ શકે છે. માટે તું જો નીતિથી રહી નીચું માથું ઘાલી અભ્યાસમાં જ મન રાખવાનું કબૂલ કરે, તો હું મોકલું; નહિ તો ખર્ચ વેઠવાનું મારું ગજું નથી, માટે એ વિચાર આપણે માંડી વાળો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીખાએ પોતાના બાપને પગે હાથ મૂકીને કહ્યું: "બા, હું એક પાઈ પણ નકામી નહિ ખરચું. અઢાર વરસનો થયો ને શું હું સમજતો નથી કે, આપણા ઓરડામાં શું છે ને શું નથી?"

૨

કૉલેજ ઊઘડતાં ભિખારીદાસ મુંબઈ ગયો અને દાખલ થયો. થોડા દહાડા તો બાપની શિખામણ ને પોતાનું વચન હૃદયમાં રાખી ભિખારીદાસે ખૂબ મહેનત કરી. પછી ત્યાં જૂનો થતો ગયો ને બીજા છોકરાઓનો સહવાસ વધવા માંડ્યો. ત્યાંના પારસીના છોકરાઓના ચળકતા બૂટ જોઈ એના મનમાં વારંવાર એમ થતું કે, આપણે એવા બૂટ હોય તો કેવું સારું! મનના એવા ઉછાળા ઉપરાઉપરી થાય ને ભિખારીદાસ તેને દાબી દે. એમ કરતાં કરતાં કેટલાક દહાડા વહી ગયા. પણ છેવટે ભિખારીદાસનું મન રોક્યું રહ્યું નહિ. તેણે વિચાર કર્યો કે, આપણે વરસે દહાડે ત્રણસો રૂપિયા ખરચીએ છીએ, તેમાં ત્રણ ચાર રૂપિયાના વિલાયતી બૂટ લેવામાં કંઈ વધી જવાનું નથી. ગમે તે રીતે બીજી કસર કરીશું તો એટલા રૂપિયા ઊગરશે. તેમણે વિલાયતી બૂટની એક જોડ લીધી. તે પહેરીને ચમ ચમ કરતો ફરે ને બૂટ સામું જોઈ મલકાઈ મલકાઈ જાય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર મહિને કૉલેજ બંધ થઈ ત્યારે ભીખાભાઈ પાછા ગામે આવ્યા. ગામમાં આવ્યા પછી ભાઈ સાંજ સવાર હવા ખાવા નીકળે ત્યારે પેલા બૂટ પહેરીને જાય. તે જોવાને ગામના બધા જુવાનિયા નીકળે.



શાન્તિદાસના બીજા દીકરાઓના તથા દીકરીઓના દીકરા મળી આશરે પંદર વીસ હતા. થોડા દિવસ વીત્યા નહિ એટલામાં તેઓએ પોતપોતાની મા પાસે એવા બૂટ સારુ કંકાસ કરવા માંડ્યો. શાન્તિદાસના ભાઈઓના ઘરમાં પણ બૂટ વાસ્તે ક્લેશ થવા લાગ્યો. ગામના બીજા કણબી વાણિયાના છોકરાઓને પણ એવા બૂટનું મન થયું. બધા છોકરાઓની માઓ પોતપોતાના છોકરાઓ ભણીની તાણ કરે; પણ ભાયડાઓ એ માને નહિ. એમ બધાં સારાં ઘરમાં થોડો થોડો કંકાસ પેઠો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરરોજની કળકળથી ભાયડાઓ છેવટે હાર્યા. એકે એકે સૌ એવા બૂટ મંગાવવા લાગ્યા. દર ફેરે જ્યારે છૂટી પડે ત્યારે ભિખારીદાસ મુંબઈથી પાછો આવે; ને હર વેળા જ્યારે આવે ત્યારે ગામના લોકના છોકરાની પચીસ ત્રીસ વિલાયતી બૂટની જોડા લેતો આવે!

વિલાયતી બૂટ લાંબા ટકતા નથી ને વરસ દહાડાની માંહે ફાટી જાય છે. એટલે જતે દહાડે એમ થયું કે, ભીખાભાઈ જવા નીકળે તે દહાડે તેમને ગામલોકો દોઢસો બસો બૂટના પૈસા વળગાડે. આ પ્રમાણે બૂટનો ચાલ જબરો થતો ગયો, ને ગામને માથે રૂપિયા એક હજારનો વરસ દહાડે વેરો ચોંટચો!

૩

એક વાર ભિખારીદાસ ઉનાળાની છૂટીમાં ગામ પાછો આવ્યો હતો ને આંગણામાં ખાટલો ઢાળી પાછલે પહોરે બેઠો હતો. શાન્તિદાસ બાપા ઓટલે, હાથમાં રૂપાની નેહવાળો હુક્કો ઝાલી રાખી, ગુડ ગુડ કરતા હતા. બીજા થોડા પાટીદાર ને ગામલોક પણ ત્યાં સહેજ બેઠા હતા ને વાતો કરતા હતા.

વાતો ચાલતી હતી, તેવામાં ગામના દસવીસ મોચી ભેગા થઈ આવ્યા. આવીને ફાળિયાં ઉતારીને રાડ પાડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યા કે, 'બાપા, હવે તો બહુ થયું; હવે તો ખમા કરો તો સારું!'

શાન્તિદાસ — શું છે? વાત તો કહો.

મોચીઓ મધ્યેનો એક મોચી, કે જેનું નામ સોમલો હતું, તેને શાન્તિદાસે કહ્યું, 'સોમલા, તું ઠાવકો છે; તું વિગત માંડીને વાત કહે. તમારે શું જોઈએ છે? ને તમારે શું દુઃખ છે? સગી મા હોય તેને પણ કહીએ તો દુઃખ જાણે.'

સોમલો — દુઃખ તો ઘણું છે: વણવાંકે મરી જઈએ છીએ. પણ રોગ પ્રમાણે ઉપાય થાય તો કળ વળે; એ તમારા હાથમાં છે. બાપા, તમે ઉપાય કરો તો થાય, નહિ તો એકે ઉપાય નથી, ને અમારે જીવ્યાનો આરો નથી.

શાન્તિદાસ — તું કરારે બોલ. જો મારા હાથમાં હશે તો હું ઉપાય કર્યા વગર નહિ રહું.

સોમલો — બાપા, દુઃખ તો બહુ છે. જુઓ, અમારાં મોચીનાં તમારા ગામમાં વીસ ઘર છે. જ્યારથી ગામ વસ્યું ત્યારથી અમો તમારી પછવાડે વસ્યા છીએ ને તમારે શરણે પડ્યા છીએ. અમે આજ લગી ગામલોકોના જોડા ને કોસ સીવતા ને અમારો ગુજારો કરતા. વળી એકાદ વીઘું જમીન હોય તે ખેડીએ પણ ખરા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરી દહાડા કાઢતા. પણ આ બે વરસથી અમારું પૂરું થતું નથી, ને છોકરાં ભૂખે મરે છે. ભીખો બાપો જ્યારથી મુંબઈ ગયા ત્યારથી અમારા દુઃખનું મંડાણ મંડાયું. તે બૂટની એક જોડ લાવ્યા ત્યારે અમને લાગ્યું, ઠીક છે, એમાં શું મહીં? પણ હવે તો ગામમાં વિલાયતી બૂટની એવી લગભગ ચાર સો પાંચ સો જોડ ખપે છે. અમો વરસમાં સો સો જોડ સીવીએ, એટલે મજૂરીના ૫૦–૭૫ રૂપિયા કમાઈએ, ને અમારાં દસબાર ઘરનો નિભાવ એથી થાય. હવે આ બૂટ આવ્યા, એટલે એ જોડા ખપતી નથી. અમારો ગુજારો તો ગામલોકો ઉપર છે. પણ ગામલોક તો બૂટ પહેરે, એટલે આ દશા આવી. અમારાં છોકરાંને પેટ ભરીને રોટલા પણ મળતા નથી. જો અમદાવાદના કે બીજા આપણા અહીંના ગામના બૂટ હોત, તો અમારામાંથી કોઈ ત્યાં જઈ શીખી આવત; અથવા ન શીખત તો છેવટે અમે ભૂખે મરત, પણ અમારી નાત કે ધંધાવાળા બીજાને રોજી મળત. પણ આ તો વિલાયતી બૂટ, એટલે અમારો એકે ઉપાય નથી. ને આમ ને આમ ચાલશે તો બધાં મરી પરવારીશું.

ભિખારીદાસ — કેવા બેવકૂફ લોક છો! તમારે વાસ્તે શું અમે બૂટ ના પહેરીએ? માણસને ગમે તે પહેરવાની છૂટ છે. સાહેબ લોક બૂટ પહેરે છે, મુંબઈની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી વસ્તી બૂટ પહેરે છે, તે સૌ શું ગાંડા લોકો હશે? બેવકૂફ લુચ્ચા લોક!

સોમલો — ગાંડા કે ઘેલા, પણ ભૂખે મરીએ ત્યારે શું કરીએ?

ભિખારીદાસ — ભૂખે મરો છો તેમાં કોનો વાંક છે? બીજો ધંધો કરો.

સોમલો — અમે મોચી તે બીજો શો ધંધો કરીએ?

ભિખારીદાસ — દુનિયામાં ઘણા ધંધા છે; ગમે તે કરો. અથવા મજૂરી કરો. મજૂરીમાં શું આવડવું છે?

સોમલો — મજૂરીમાં અમને ચાર પૈસા કોણ આપે?

ભિખારીદાસ — ત્યારે પૂરું ન થાય તો પરગામ જઈ વસો.

સોમલો — આ ગામમાં અમારી વીસ પેઢી થઈ, ને હવે ઘરબાર મૂકીને ક્યાં જઈએ? બાપા, અમને આટલું બધું કહો છો, ત્યારે તમે વિલાયતી બૂટ ન પહેરો, તો શું સત્યાનાશ વળી જાય?

શાન્તિદાસ વચમાં બોલ્યા: "ભીખા, તું છાનો રહે. આ મોચી કહે છે તે વાત જાણવા જેવી છે. જુવાનિયા-વેડા કરી એને તરછોડીશ નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં ગામના પારેખ જગજીવનદાસ આવ્યા. તે કહે કે, 'આ શી ભાંજગડ ચાલે છે?'

શાન્તિદાસ — મોચી રાડ પાડતા આવ્યા છે કે, ગામમાં બૂટ આવ્યા તેથી અમે ભૂખે મરીએ છીએ.

જગજીવનદાસ — હા, મોચી મને કહેતા હતા, ને બીજાં વસવાયાં પણ થોડી થોડી બૂમ પાડે છે. પૂંજિયો કુંભાર કહે છે કે, એણી વારના વરસે મોચી લોકોએ મારી નાળો સમૂળગી લીધી નથી. પશવો દરજી કહે છે કે, ઓણ મને મોચી લોકોની સિલાઈ મળી નથી. એ રીતે વાત બની છે. માટે ગામમાંથી ચાર જણ મળીને વિચાર કરીએ તો સારું.

શાન્તિદાસ — કહો તો બધા કાલે મળીએ.

જગજીવનદાસ — ઠીક, હું બધાંને કહાવીશ, ને રામનાથમાં કાલે પાછલા પહોરે મળીશું.

૪

બીજે દહાડે શાન્તિદાસ બાપા, એમના ભાઈ ભત્રીજા, ગામના બીજા પાટીદાર, જગજીવનદાસ પારેખ, નાથાભાઈ મોદી, જુગલદાસ તલાટી, તુલસીરામ મહેતા, વગેરે બધું ગામ રામનાથ મહાદેવમાં ભેગું થયું. ત્યાં વસવાયાં પણ વણતેડ્યાં પેટનાં બળ્યાં ભેગાં થયાં હતાં. સોમલો મોચી તથા બીજા મોચી ઉપરાંત દરજીના અને કુંભારના આગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનો આગળથી આવ્યા હતા. પહેલાં તો બધાએ મોચીની વાત સાંભળી.

ત્યાં ભીખાભાઈ પણ ગયા હતા. અંગ્રેજી વિદ્યાનો આધાર બતાવીને, એક મોટી બશેરિયા ચોપડી હતી તે ઉપરથી એક લાંબું ભાષણ કરવાની તૈયારી એમણે કરી હતી. તે ઊભા થયા અને બોલવા લાગ્યા; પણ એમના બાપ અને કાકા કહે, "બેસ બેસ, તું ભણી આવ્યો તે જાણ્યું. હજુ તો અમારું ખરચ ખાય છે. જ્યારે બે પૈસા કમાય ને દુનિયા કેમ ચાલે છે તે સમજે, ત્યારે તારું ભાષણ બહાર કાઢજે."

બધાં વસવાયાંની વતી જગજીવન પારેખ પ્રથમ બોલ્યા. તે કહે કે, 'આ બૂટની મોકાણે આઠ દસ મોચીનાં ઘરનો ધંધો બંધ પડ્યો છે ને તેમને ખાવા-પીવાની બહુ વેળા પડે છે. મોચી નરમ થયા એટલે તેમની ઘરાકીવાળા કુંભાર, દરજી વગેરે પણ નરમ થયા છે; એમ ધક્કો આખા ગામને લાગશે. કોઈએ એમ ન સમજવું કે, અમારે શી લેવાદેવા છે? બધાનું સારું હોય તો આપણે સારું, ને નરસું હોય તો આપણે નરસું. માટે મારા ધ્યાનમાં આવે છે કે, આપણે આપણા ગામ પૂરતો ઠરાવ કરીએ તો ઠીક.'

શાન્તિદાસ — શો ઠરાવ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગજીવનદાસ — હાલ તો એટલો કરો કે, ગામમાં કોઈ પરગામના બૂટ ન પહેરે. એટલું થાય તો મોચીનું દુઃખ ટળે.

શાન્તિદાસ — કેમ ભવાનીદાસ, શું ધાર્યું ?

ભવાનીદાસ — હા, હા, સો ફેરા એવો બંદોબસ્ત કરવો જોઈએ.

નાથાભાઈ મોદી — આપણે પણ કબૂલ છીએ. કેમ તુળસીરામ મહેતા ?

તુળસીરામ મહેતા — આપણે પણ સો ફેરા કબૂલ.

જુગલદાસ તલાટી — વારુ, બૈરાંને ઘેર પૂછયું ? છોકરાં કંકાસ કરશે, તો તેમની માઓ તેમની કુમક કરશે, તેનું શું ધાર્યું ?

શાન્તિદાસ — છોકરાં અને તેમની માઓ જખ મારે છે !

બધા કહે, ‘વાહ વાહ બાપા, વાહ વાહ! ત્યારે ચાલો આપણે મંદિરમાં તુળસી ઉપાડો.’

બધા ત્યાંથી મંદિરે ગયા, ને ઠાકોરજી આગળ તુળસી ઉપાડી સૌએ જુદા જુદા સમ ખાધા કે, ‘પરદેશી બૂટ લાવીએ તો અમને ઠાકોરજી પૂછે.’ તે પછી બધા વેરાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામ સંપીલું હતું, લોક લાંબી નજરવાળા હતા, તોપણ આ વેળા ઠરાવ પાળવામાં થોડી આનાકાની થઈ, ને પછી ઘેર ઘેર થોડી કચકચ પણ થઈ. પણ શાન્તિદાસે પોતાને ઘેરથી પહેલ કરી ભિખારીદાસને જોડા પહેરાવ્યા. એમ પટાપટ ચાલતાં, અંતે બધા ગૃહસ્થોએ સોગન પાળ્યા, ને છ મહિને મોચી પાછા આગળ જેવા ખાતા પીતા થયા ને બીજા કારીગર પણ તાજા થયા.

૨

ઈબ્રાહીમકાકા

હું ખેડૂતનો દીકરો છું; જોકે હું મારી ચોપડીઓમાં મશગૂલ રહું છું અને મેં કદી જાતે હળ નથી ચલાવ્યું. મારા પિતા સંસ્કૃતના મોટા પંડિત હતા. પણ એમને તો ખેતી પણ સારી આવડતી.

અમારા ઘરની નજીક એક મુસલમાન રહેતા હતા. તેમનું નામ ઇબ્રાહીમ હતું. તે જાતે વણકર હતા, છતાં ખેતી કરીને ગુજરાન ચલાવતા. મારા પિતાનું અને એમનું ખેતર જોડાજોડ હતાં. તેથી અમે ઘણે ભાગે નિકટના સહવાસમાં રહેતા. મારા પિતાને એ મિત્ર અને ભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા હતા. અમે છોકરાઓ આ ભલા મુસલમાનને ઇબ્રાહીમકાકા કહેતા.

ઇબ્રાહીમકાકા પેટના દીકરા કરતાં અમારા પર વધારે વહાલ રાખતા. તે ધર્મનિષ્ઠ મુસલમાન હતા; અને દરેકે પોતપોતાના નિયમો બરોબર સાચવવા જોઈએ, એવી તેમની ધર્મનિષ્ઠા હતી. તેથી અમારા વિધિનિષેધો સંભાળવાની અમે પરવા કરીએ એના કરતાં તે વધારે કરતા.

ઘણી વાર ખેતરમાં મોલ પાકવા આવ્યા હોય તે વખતે, મારા પિતા અને ઇબ્રાહીમકાકા એકબીજાના ખેતરની વારાફરતી સંભાળ રાખતા, અને એ રીતે ઘણો વખત તથા ખરચ બચાવતા.

અમે છોકરાં ઘણી વાર પરોઢિયે ખેતરમાં જતાં, ત્યાં ઇબ્રાહીમકાકા કુમળી કાકડીઓથી અમારાં ગજવાં ભરી દેતા, અને પોતાના ખેતરમાંથી સુંદર તરબૂચ કાઢીને અમને આપતા. અમે રોજ ખેતરમાં જઈએ ત્યારે ઇબ્રાહીમકાકાને બૂમ પાડીને કહેતા: 'ઇબ્રાહીમકાકા, ઊંઘો છો કે જાગો છો?' એટલે એ ભલા ડોસા ફળ લઈને અમને આપવા આવતા. મારા પિતા પણ અમારા ખેતરમાંથી સારામાં સારાં તરબૂચ કાઢીને ઇબ્રાહીમકાકાને મોકલે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે ઇબ્રાહીમકાકાના હાથમાંથી કશું ખાતા નહિ, અને ભૂલથી પણ એ અમને ખાવા દેતા નહિ. પણ આ નિષેધ સ્વાભાવિક થઈ ગયેલો. અમે હિંદુ છીએ ને એ મુસલમાન છે માટે એમ થાય છે, એમ કોઈને લાગતું નહિ.

અમે ચાર ભાઈ હતા, તેમાં હું સૌથી નાનો, એટલે ઇબ્રાહીમકાકાને મારા ઉપર સૌથી વધારે પ્રેમ હતો. કેરીની મોસમમાં આંબા પર પહેલી સાખ આવે, તે ઉતારીને ઇબ્રાહીમકાકા કકડે વીંટાળી રાખે, ને ધીમેથી આવીને મારા ગજવામાં સરકાવી દે. હું કેરી સૂંઘી જોઉં અને આનંદમાં આવીને બોલી ઊઠું : 'ઇબ્રાહીમકાકા, તમે તો બહુ મીઠા છો!'

ઇબ્રાહીમકાકાને ગોળ બહુ ભાવતો, અને એમના શબ્દોમાં પણ ગોળના જેવી મીઠાશ હતી. તેથી અમે તેમને વિનોદમાં 'મીઠાકાકા' કહેતા, એટલે તે અમારી પાછળ દોડતા. અમે દૂર નાસી જતા અને પકડાતા નહિ.

ઇબ્રાહીમકાકા ઘણી વાર થાળીમાં રોટલો લઈને વાડામાં આવે અને મને કહે : 'જા જોઈ આવ તો, તારી બાએ કંઈ સારું શાક કર્યું છે?' હું મા પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોડી જાઉં અને થાળી ભરીને શાક, અથાણું ને બીજી સારી વાનીઓ લઈ આવું. કાકા એ સ્વાદથી ખાય અને ખાઈ રહે તે પહેલાં તો હું બીજી વાર લઈ આવું અને થાળી એમના વાસણમાં ઠાલવી દઉં. આમ હું મારો બાલિશ પ્રેમ એમના પર વરસાવું.

આ રીતે અનેક વરસો વહી ગયાં. બંને કુટુંબોનો પ્રેમસંબંધ વધતો ચાલ્યો. એ દરમ્યાન મારા પિતાનો સ્વર્ગવાસ થયો. ઇબ્રાહીમકાકા હવે અમારા ઉપર કાકા તરીકેનો સ્નેહ પહેલાં કરતાંયે વધારે રાખવા લાગ્યા. મારા મોટાભાઈ હંમેશાં એમની સલાહ લેતા.

એક વાર એવું બન્યું કે, હિંદુઓનાં ઢોરે મુસલમાનોના કબરસ્તાનમાં પેસી જઈને ઝાડપાનને નુકસાન કર્યું, તેને વિષે ભારે કજિયો ઊભો થયો. અમારા ગામનાં ઢોર ચારનાર ગોવાળના છોકરાઓની બેદરકારીને લીધે આમ બનેલું. ગામના મુસલમાનો ગુસ્સે ભરાઈને દોડી આવ્યા. તેમણે ગોવાળના છોકરાઓને સારી પેઠે ટીપ્યા અને ઢોર હાંકીને ડબામાં પૂરી દીધાં.

ગોવાળના છોકરા ચીસ ખાઈને ઢોરના ધણીઓ પાસે દોડી ગયા. જેમનાં ઢોર હતાં તે બધા ડાંગો લઈને લડવાની તૈયારી કરીને નીકળી પડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ખબર વીજળીવેગે બધે ફેલાઈ ગઈ. આસપાસના સૌ મુસલમાન લડવાને ને હિંદુઓને પાંસરા કરવાને ધાઈ આવ્યા. કલાકો સુધી બે પક્ષ વચ્ચે બોલાચાલી થઈ ને ડાંગો ઉગામાવાની તૈયારી હતી. સમજાવટના પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. મુસલમાન કહેતા હતા કે, આ કાંઈ પહેલો બનાવ નથી; ગોવાળના છોકરાઓએ ત્રીજી ચોથી વાર ઢોર પેસાડચાં છે; એટલે બેદરકારી છે એમ નહિ કહી શકાય. જોતજોતામાં ડાંગ, પથ્થર, ઈંટો ને જે કંઈ હાથમાં આવ્યું તે લઈને સજ્જ થયેલી બે સેનાઓ સામસામી ઊભી રહી !

ઇબ્રાહીમકાકા પણ એમના પુત્રપૌત્રાદિ સાથે ત્યાં હતા. એમણે ઝઘડો પતાવવાનો પ્રયત્ન કરી જોયો, પણ તોફાની લોકો માન્યા નહિ. અમારાં ઢોર પણ ડબામાં પુરાયેલાં, એટલે મારા ભાઈઓ પણ ત્યાં હતા. સ્ત્રીઓને બાદ કરતાં આખું ગામ લડવાને માટે ભેગું થયું હતું. સ્ત્રીઓ ઘેર માથાં ફૂટચાની અને હાડકાં તૂટચાની વાતો સાંભળવાની રાહ જોઈ રહી હતી.

હું નિશાળમાંથી ઘેર જતાં જોઉં તો તમામ ઘરનાં બારણાં બંધ થઈ ગયેલાં ને ગામ આખું લડાઈને માટે બહાર નીકળી ગયેલું! મેં ચોપડીઓ ખૂણામાં નાખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
गुरुकुल कांगड़ी
૬૦૭૧ ૨૫ ૩૦૬૩૬

દીધી અને હું લડાઈની જગાએ દોડી ગયો. મારી બાએ બૂમ પાડીને મને વાર્યો, પણ મેં માન્યું નહિ.

હું લડાઈની જગાએ જઈને ઊભો રહ્યો. પણ અરે, આ શું? ઇબ્રાહીમકાકા એમના આખા કુટુંબ સાથે સામા પક્ષમાં હતા! હું એમની પાસે દોડી ગયો અને મેં આશ્ચર્યથી પૂછ્યું: 'ઇબ્રાહીમકાકા, તમે કયા પક્ષમાં છો — અમારા કે એમના?'



તરત જ ઇબ્રાહીમકાકાએ પોતાના એક દીકરા પાસેથી ડાંગ માગી લીધી અને તે મારી સાથે આવવા તૈયાર થયા.

ઇબ્રાહીમકાકાને આમ જતા જોઈને સૌ છક થઈ ગયા. એકદમ શાંતિ ફેલાઈ ગઈ. દરેક જણ સ્તબ્ધ થઈને ઊભું રહ્યું. સૌ શરમાઈ ગયા ને એક પણ શબ્દ બોલ્યા

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગર ઘર ભણી ચાલવા લાગ્યા. અમે પણ ઇબ્રાહીમકાકાની પાછળ પાછળ ઘેર પાછા આવ્યા.

આ ચમત્કારનો અર્થ ને તેનો મહિમા એ વખતે હું કળી શક્યો ન હતો, પણ હવે કળી શકું છું. ભલા ઇબ્રાહીમકાકા હવે આ ભૂમિ પર નથી. પણ હું તેમને કદી પણ ભૂલી શકવાનો નથી. તેમની કબરને હું ઓળખું છું, અને તેની પાસે જોઈને મેં કેટલીયે વાર આંસુ લૂછ્યાં છે. કબરસ્તાન આગળ થઈને જાઉં છું તે વખતે કેટલીયે વાર નાનપણમાં કહેલા શબ્દો મારા મોંમાંથી સરી પડે છે: 'ઇબ્રાહીમકાકા, ઊંઘો છો કે જાગો છો?'

એ ઊંઘી ગયા છે એમ હું માનતો જ નથી; એ તો જાગતા જ સૂતેલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

જીવલેણ ગાડું

૧

કહાનજી અને તેની પત્ની પાર્વતી સુખેથી રહેતાં હતાં. કહાનજી સુંદર ઊંચો જુવાન ખેડૂત હતો અને પાર્વતી આખા ગામમાં સૌથી ફૂટડી હતી. તેનાં મોં અને ઘાટ રાજાની રાણી જેવાં હતાં. તે ઘડી નવરી ન બેસતી. પાર્વતી હસતે મોંએ આખો દિવસ સખત કામ કરતી. કહાનજી, બળદો, ખેતર અને ભેંસ એ એને મન આખી દુનિયા હતી. આ કામમાંથી પરવાર મળતી, ત્યારે તે તેના પિયેરથી આણેલા રેંટિયે બેસતી.

આમ બે વર્ષ વહી ગયાં. એક દિવસ કહાનજીએ પાર્વતીને કહ્યું: "આ ખેતર તો ઘણું નાનું છે. આપણા બંને માટે આખા વરસ પૂરતું કામ નથી રહેતું. આપણે એક ગાડું લઈશું? તેમાંથી થોડું મળી રહેશે. બળદ પાસે પણ આખું વરસ કામ લેવાશે."

પાર્વતીએ એનો વિરોધ કર્યો. છેવટે તેણે કંટાળીને કહ્યું: 'તમે સસરાજીને પૂછી જુઓ, ભાઈને પૂછો. એ બધાને ઠીક લાગે તેમ કરો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહાનજીનાં ઘરડાં માતાપિતા ગામમાં પોતાના કુટુંબના ઘરમાં રહેતાં હતાં. મોટાભાઈ ખેતર પર બાજુમાં જ રહેતા હતા. કહાનજીએ એ લોકોની સલાહ માગી. કહાનજીને ગાડું લેવાને ચારે પગે જોઈને તેમણે વિરોધ ન કર્યો. કહાનજીએ ચાલીસ રૂપિયા ખૂટતા હતા તે મતાદારને ત્યાંથી ઉછીના લઈને ગાડું ખરીદ્યું.

કહાનજી તેના ગાડા સાથે ઘણી વાર બહાર જતો. કોઈ કોઈ વાર તે દિવસ અને રાત બહાર રહેતો. કોઈ વાર લાંબી ખેપે પણ જવું પડતું. આ ખેપમાં તેનો પિતરાઈ રામજી તેની સાથે રહેતો. વરસ પૂરું થયું તે પહેલાં તો તેના પિતરાઈએ તેને દારૂનો સ્વાદ ચખાડ્યો. અને પછી તો દરેક ખેપમાં તે એની જોડે હોય જ. આમ કહાનજીને દારૂનો સ્વાદ લાગ્યો!

૨

એક દિવસ કહાનજી પીધેલો ઘેર આવ્યો, ત્યારે પાર્વતીને સખત આઘાત થયો.

"સત્યાનાશ વાળ્યું!" તે બોલી ઊઠી.

"મૂંગી મર! શું કાંઈ તું પૈસા આપે છે?" કહાનજીએ કહ્યું.

"તમે આજે દારૂ પીધો છે," પાર્વતીએ ગુસ્સામાં જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, હા, પીધો છે. કાંઈ તારા બાપના પૈસાનો નથી પીધો! મને પૂછનારી તું કોણ?" કહાનજીએ રોફ-બંધ કહ્યું.

પાર્વતીને કહાનજીની આવી દશા જોઈને ખૂબ લાગી આવ્યું.

આમ ઘણી વખત થવા માંડ્યું. વળી કોઈ કોઈ વખત તે પાર્વતીને મારતો પણ ખરો. તે બાપડી રડતી રડતી તેના નાના બાળકને લઈ જેઠાણીને ત્યાં ચાલી જતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ત્યાં કુટુંબનાં બધાં માણસો ભેગાં થઈ વિચાર કરતાં. પણ કહાનજી સુધર્યો નહીં.

વખત જતાં સ્થિતિ વધુ ને વધુ ખરાબ થતી ગઈ. બળદ ઘરડા થયા હતા અને ઊતરી ગયા હતા. કહાનજીએ ખોટમાં તે વેચી દીધા. તેણે ફરી કોઈ વાર દારૂ ન પીવાની શરતે, પાર્વતીની દૂધ, દહીં અને કાંતણની બચતમાંની જણસો તેની પાસે વેચાવી નંખાવી અને તેના નવા બળદ ખરીદ્યા.

ત્રણ મહિના વીતી ગયા, એટલે મતાદારે તેના માણસને કહાનજીને ત્યાં ઉઘરાણીએ મોકલ્યો. આમ ત્રણ ચાર વાર તગાદા કર્યા પછી મતાદારનો માણસ એક બળદ લઈ ગયો. કહાનજી મતાદારને ત્યાં દોડી ગયો અને તેણે એક મહિનાની વધુ મુદત આપવા આજીજી કરી.

મતાદારે કહ્યું: "દારૂડિયા! એક દિવસની પણ નહીં. હવે તો આ તારો બળદ શુકરવારના બજારમાં મોકલવાનો છું, સમજ્યો? જોઈએ તો કોઈ પાસે પૈસા ઉછીના લે, મને ચૂકવી આપ."

નાછૂટકે કહાનજી ગામના પઠાણ ખાદીરખાન પાસે ગયો. ઘણું ઘણું કહ્યા અને કરગર્યા પછી તેણે કહાનજીને રૂપિયા પિસ્તાળીસ આપ્યા અને સાઠનું ખાતું પડાવી લીધું. આ રૂપિયા દર મહિને પાંચ-પાંચના હપતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરા કરવાના હતા. આનું વ્યાજ આપવાનું નહોતું. પણ જે મહિને પાંચ રૂપિયા ન ભરાય તે મહિને એક રૂપિયો ગુનેગારીનો ભરવાનો ઠરાવ્યો. ઘરડા ખાદીરખાને તેને સલાહ આપી : “ અલ્યા, મહેનત કર, પૈસા કમા અને નિયમિત હપતો ભર. દારૂ છોડી દે. તું ભલો માણસ છે. તારે બાયડી છે, છોકરું છે ને હજી વસ્તારી થઈશ. દારૂ પીશ તો પાયમાલ થઈશ. ”

કહાનજીએ કહ્યું : “ ખરી વાત છે, શેઠજી. હવે તે બૂરી ચીજને નહીં અડું. મને તો શીખવાનું મળ્યું. ”

તેણે પાર્વતીને પણ કહ્યું : “ આમ જો, ફરી દારૂ ન પીવાના મેં સોગંદ ખાધા છે. હવેથી જે પૈસા આવશે એ તને જ આપી દઈશ. ”

પાર્વતી તો ખુશ ખુશ થઈ ગઈ. સુખના દિવસો આવતા હોય એમ તેને લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે થોડા વખત પછી ખેતરમાં કાંઈ કામ રહ્યું ન હતું. પાર્વતીએ વિચાર્યું : "મારે કંઈ કામ મેળવવું જોઈએ. એમને માથે દેવું છે, ત્યારે તો મારે કાંઈક મદદ કરવી જ જોઈએ."

ઘરડો ખાદીરખાન તેના ઘરમાં એક નવો ઓરડો બંધાવતો હતો, એટલે તેને ત્યાં કામ કરતી ત્રણ ચાર મજૂરણો સાથે તે કામે જવા લાગી. તે સવારે વહેલી સાફસૂફી કરતી, ભેંસ દોહતી, છાશ તાણતી અને દહીં ઘી વેચવા ગામમાં નીકળી પડતી. ઘેર આવી તે ખાઈ છોકરાને ધવડાવતી અને પછી તેને જેઠાણીને સોંપી ખાદીરખાનને ત્યાં કામે જતી. બપોરે તે પાછી ઘેર આવતી અને થોડો સમય મળતો તેમાં ટાઢી ઘેંસ પી લેતી અને છોકરાને ધવડાવતી. દી આથમે ત્યારે તે કામથી છૂટી થતી અને ઘેર આવી સાંજનું ઘરકામ આટોપતી. આ બધું તે ઉમંગથી કરતી. કામ સખત તો હતું, પણ રોજના ચાર આના મળતા. તેની ચાલુ સ્થિતિમાં આ રકમ ઘણી હતી.

દારૂની દુકાને ન જવાનું વચન કહાનજીએ બે મહિના સુધી પાળ્યું. પછી તે પાછો બગડ્યો! બચતના પૈસા દારૂમાં ઊડી જવા લાગ્યા. એ પૈસા માટે તે પાર્વતી આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂઠાં બહાનાં કાઢતો. થોડા વખત પછી તો બહાનાંયે બંધ થયાં; પાર્વતીએ પણ પૂછવાનું છોડી દીધું. પણ તેણે તો ઘર આગળ અને મજૂરીએ સખત કામ કરવાનું ચાલુ જ રાખ્યું.

૩

એક વખત ખાદીરખાન આવ્યો. તેણે પાર્વતી પાસે પૈસાની તાકીદથી ઉઘરાણી કરી. તેમાં જરા ચકમક પણ ઝરી ખરી. તેણે પાર્વતીને અપમાનજનક શબ્દો કહી સંભળાવ્યા. આમ તો કડિયા-મિસ્ત્રી સાથે કામ કરતી હોવાથી તે ગાળોથી ટેવાઈ ગઈ હતી. પણ તેને બારણે આવીને કોઈ આમ ગાળ સંભળાવી જાય એ નવું બન્યું. પાર્વતીથી આ સહન ન થયું. તેણે ઘરમાં જઈ પૈસા લાવીને ઉઘરાણી કરનાર તરફ ફેંક્યા.

આખો દિવસ પાર્વતીએ રડયા કર્યું. બીજે દિવસે તેને શરીરે ઠીક ન હતું, છતાં હમેશ મુજબ તે કામે ગઈ. પણ તેના કાનમાં ઉઘરાણી કરનારાના ભયંકર શબ્દોના ભણકારા હજીય વાગતા હતા. તે હવે પહેલાંના જેવી બહાદુર ઉલ્લાસભરી સ્ત્રી નહોતી રહી. કડિયા સાથે કામ કરતા પુરુષોના કઠોર અવાજથી તે કંપતી. નવાઈની વાત તો એ હતી કે, જ્યારે તેનું મન નીડર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સ્વસ્થ હતું, ત્યારે પુરુષોની વિષયી આંખો અગર ધ્યાન ખેંચાતાં નહીં તેટલાં તેની આ ગભરામણમાં તેની તરફ ખેંચાવા લાગ્યાં! ખાદીરખાનનો જુવાન દીકરો ચાલુ કામ ઉપર દેખરેખ રાખતો હતો. તેની નજર અને તેના શબ્દોથી તે ઘણી ગભરાઈ જતી.

પાર્વતીએ જ્યારથી આ કડિયાકામે જવા માંડ્યું ત્યારથી તેના બાળકની બરાબર સંભાળ લેવાતી ન હતી. તે બાપડું માંદું પડ્યું અને એક અઠવાડિયાની પીડા અને વેદના ભોગવી મરી ગયું! કહાનજી સ્ત્રીની માફક રડ્યો. તેના વૃદ્ધ પિતાએ તેને સાંત્વન આપતાં કહ્યું : "બેટા, રડ મા. જેણે આપ્યું તેણે લઈ લીધું."

પાર્વતી રડતી રડતી સસરાજીને કહેવા લાગી : "હું મારાં સુખદુ:ખથી ધરાઈ ગઈ છું. હવે તો ભગવાન મોત આપે તો સારું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોસા બોલ્યા : "તારા ધણીને કહે કે, હવે પીઠામાં ન જાય અને પૈસા બગાડે નહીં. આટલું કરશો તો આ દુઃખ ભૂલી જશો અને સુખી થશો."

કહાનજીએ સોગંદ ખાઈને કહ્યું : "બાપા, હવે હું તે ઝેરને કદીયે નહીં અડકું. એમ કરું તો મારા જીવના સમ."

પરંતુ બિચારી પાર્વતીના દુઃખનો હજીયે પાર નહોતો આવ્યો. કહાનજીના સોગંદ તો બીજે જ શુક્રવારે તે પીઠા આગળથી જતો હતો ત્યારે જ ભુલાઈ ગયા. પાછો તે પીવાની લતે વળી ગયો.

૪

હવે એક દિવસ ખાદીરખાનનો દીકરો ઇસ્માઇલ આવ્યો. તેણે તો ઉઘરાણીના પૈસા માગવાને બદલે મરીના થોડા કોથળા રામપુર લઈ જવા કહ્યું.

સાંજે કહાનજી હજી આવ્યો ન હતો અને પાર્વતી એકલી ઘરમાં રાંધતી હતી, ત્યારે ઇસ્માઇલ ફરી આવ્યો.

"કેમ, કહાનજી આવ્યો કે?" બહાર રહ્યા રહ્યા તેણે પૂછ્યું.

"ના, હજી નથી આવ્યા."

"હં . . . હં . . . અત્યારમાં ક્યાંથી આવે? અને વળી રસ્તામાં પીતું છે." ઘરમાં દાખલ થતાં થતાં ઇસ્માઇલ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હં, અમારું બૈરાનું સત્યાનાશ વાળવા ત્યાં પીઠું છે જ સ્તો." પાર્વતીએ જવાબ આપ્યો.

ઇસ્માઇલ વગર કહ્યે ઘરમાં બેઠો. કહાનજી પાછો આવે તેની રાહ જોતો તે બેઠો છે એમ ધારી પાર્વતીએ પોતાનું કામ કર્યા કર્યું.

ઇસ્માઇલે વાતચીતની શરૂઆત કરી. તેણે તેની મુશ્કેલીઓ પૂછવા માંડી અને વાત વાતમાં ઘણીયે વાતો કરી. થોડા વખત પછી કહાનજીની રાહ જોયા વગર તે ચાલ્યો ગયો.

બીજે દિવસે પણ ઇસ્માઇલ આવ્યો અને તેણે કહાનજીને ટાંપે મોકલ્યો. પછી બપોરે લટાર મારતો પાછો આવી ચડ્યો. તેની સાથે તે થોડી મીઠાઈ લાવ્યો હતો. 'મારે તો એ મફતમાં જ આવી છે,' એમ કહીને તેણે પાર્વતીને એ પરાણે આપી.

"હું તને જોઉં છું ત્યારે મને ખૂબ આનંદ થાય છે," તે બોલ્યો.

"ભગવાન જાણે, આ વળી શું થવા બેઠું છે!" પાર્વતી મનમાં બોલી.

આ વાતને લંબાવવાની કાંઈ જરૂર છે? ઘણા દિવસ તો પાર્વતીએ સેતાન સામે ટક્કર ઝીલી; પણ આખરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પડી! ગરીબી અને લાચારીને લીધે સ્ત્રી અંતે ક્રૂર, વિષયી માણસની જાળમાં ફસાઈ ગઈ.

૫

એક દિવસ દારૂની દુકાનમાં ઝપાઝપી થઈ ગઈ.

"સૂવર! ફરી જો બોલ્યો તો તો તારા દાંત જ તોડી નાખીશ," કહાનજીએ ગુસ્સામાં કહ્યું.

"દાંત પાડી નાખવાવાળો નહીં દીઠા હોય તો! એની હિંમત તો જુઓ. બાયડીને તો વશ રાખી શકતો નથી!"

ધડ દઈને કહાનજીએ બોલનારના મોં ઉપર પ્યાલાનો ઘા કર્યો. તેના નાકેથી લોહી વહેવા માંડ્યું. કલાલે બૂમો પાડી એટલે કહાનજી ત્યાંથી ભાગ્યો અને ગાડામાં બેસી મોટેથી ગાળો ભાંડતાં તેણે ગાડું હાંકી મૂક્યું.

હંમેશ કરતાં વહેલો તે ઘેર આવી પહોંચ્યો અને જોયું તો બારણાં અંદરથી બંધ!

"એ અલી, બારણાં અંદરથી બંધ કરીને કરે છે શું? આ હું ક્યારનો ઊભો છું ને? ચાલ, ઉઘાડ બારણાં અને બળદ પાવા લઈ જા," કહાનજીએ બૂમ પાડી.

અંદર પગનું હલનચલન થઈ રહ્યું; થોડો વિલંબ પણ થયો અને કહાનજીએ બહાર બૂમ પાડ્યા જ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારણું ઉઘાડી પાર્વતી બહાર આવી. કહાનજી સામે ઊભી રહીને તેણે કહ્યું: "જરા આવોને, આ ભેંસ તો જુઓ, આખો દિવસ બસ લાતો જ મારે છે અને દોહવા દેતી નથી." પાર્વતીએ ઘરના પાછળના વાડામાં તેને લઈ જવા પ્રયત્ન કર્યો.

"મૂઈ તારી ભેંસ! ક્યારનો તરસ્યો થયો છું," એમ કહી તે ઘરમાં ગયો.

ઇસ્માઈલ અંદર હતો. તે દીવાલ આગળથી બહાર છટકવાનો પ્રયત્ન કરતો હતો.

"આ તરકડાને ઘરમાં કેમ ઘાલ્યો છે? રાંડ, કુલટા!" કહાનજીએ રાડ પાડીને કહ્યું.

પાસે જ એક કોદાળી પડી હતી તે લઈ તેણે પાર્વતી તરફ ફેંકી. પછી બાજુએ પડેલું ધારિયું ઊંચું ઉગામીને નાસતા ઇસ્માઈલ ઉપર જોરથી માર્યું. તે તેને વાગ્યું; તેની સાથે તે ત્યાં નીચે પડી ગયો. પછી એ તેના ભાઈની ઝૂંપડી તરફ દોડી જતી પાર્વતી પાછળ દોડ્યો. તે પાછળ તો પડ્યો, પણ આ ઘોંઘાટ સાંભળી દોડી આવેલા પાડોશીઓને જોઈ તે ખંચાયો. તેણે પડેલા ઇસ્માઈલ તરફ પાછું ફરીને જોયું અને તેને હાલતો જોઈને, બૂમો પાડતો, તેને પૂરો કરવા ધસ્યો. પરંતુ ભેગા થઈ ગયેલા લોકોએ તેને ઝાલી રાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

કહાનજી અને પાર્વતીને રામપુરની પોલીસ-ચોકીમાં જુદી જુદી ઓરડીમાં રાખવામાં આવ્યાં. બધા સિપાઈઓ પાર્વતીની ઓરડી આગળ કાંઈ કાંઈ બહાને આંટા મારતા અને તેના તરફ સ્મિત કરવાનો પ્રયત્ન કરતા. જેને જેને તેની સાથે વાત કરવાની તક મળતી, તે મીઠાશથી વાત કરતો. પણ પાર્વતી તો ઊંડી મૂંઝવણ અને ચિંતામાં ગરકાવ હતી. પહેલી જ વાર પકડાઈને પાંજરામાં પુરાયેલા જંગલી પશુની લાગણીનો સાચો ખ્યાલ આવી શકતો હોય, તો જ કાયદા અને પોલીસના પંજામાં સપડાયેલી એક ખેડૂત સ્ત્રીના સંકટનું બરોબર ભાન થાય.

કહાનજીના પિતાએ તેના મોટા દીકરાને વકીલ કરવા સમજાવ્યો. ખર્ચને પહોંચી વળવા તેમણે એનું ગાડું વેચી દીધું અને તે પૈસા ખરચાઈ ગયા ત્યારે પાસેના ગામના તેમના એક સગાને ત્યાં ભેંસ ગીરો મૂકી બીજા પૈસા ઉપાડ્યા. આ બધા દુઃખના મૂળ તરીકે બધાં પાર્વતી પર શાપ વરસાવતાં હતાં.

કોર્ટમાં પાર્વતીની જુબાની લેવાઈ. તેણે તો બધામાં નકાર ભણ્યો. વકીલે તેને નકાર ભણવાની સલાહ આપી હતી. મૅજિસ્ટ્રેટે કેસ સેશન્સ કમિટ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તો બળદો પણ વેચી નાખવામાં આવ્યા. સેશન્સ માટે વકીલ કરવામાં આવ્યો. કેસની રાહ જોતી પાર્વતી તેને પિયેર ભાઈને ત્યાં ગઈ. પણ તેની ભાભી નિર્દય હતી. તે તેનું ફાવે તેમ અપમાન કરતી અને કનડતી. પાર્વતીએ આ બધું મૂંગે મોંએ સહન કરી લીધું.

એક દિવસ ફરીથી સિપાઈ આવ્યો અને કેસ ચાલવાનો હોવાથી પાર્વતીને પોતાની સાથે વડી કોર્ટે આવવા તેણે જણાવ્યું. આ મુસલમાન પોલીસ દયાળુ હતો. તે પાર્વતીનું અપમાન કરતો ન હતો, પણ બાપની જેમ બોલતો હતો. તેણે રસ્તે ચાલતાં ચાલતાં પાર્વતીને કહ્યું: "જે બન્યું હોય તે સાચેસાચું કહી દેજે. એ બિચારા પર જજ સાહેબ કદાચ દયા કરે."

"મારાથી એવી શરમની વાત કેમ કરીને કહેવાય?"

"એમાં શરમાવાનું શાનું? માણસ છે, કોઈ વાર ભૂલ પણ થઈ જાય. ખુદા આપણને સંભાળે છે, પણ કોક વાર તે આપણને ખરાબ પણ થવા દે છે. એ તો તેની મરજીની વાત છે."

પાર્વતીએ કહ્યું: "પણ હું બધી વાત કહી દઉં, તો મને ન્યાત બહાર મૂકશે. મારો ધણી મને પાછો સંઘરશે નહીં. પછી હું શું કરીશ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જો નહીં કહે તો તારા ધણીને છ વરસની જેલ મળશે. અને તું સાચું બોલશે, તો છ માસમાં પણ છૂટી જાય. તું હમણાં તેને મદદ કરશે તો તે તારું અહેસાન માનશે. ન્યાતમાં રહેવા માટે તો કાંઈ વિધિ કરી લેવી. ગમે તેમ સાચું કહી દેવું એ જ સહીસલામત રસ્તો છે."

પાર્વતી કંઈ બોલી નહીં. સાચું બોલવું એમ તેને મનમાં થયું, પણ તરત જ બીકમાં અને ગભરામણમાં તે વિચાર દબાઈ ગયો.

વડી કોર્ટમાં કહાનજીનો કેસ ચાલ્યો. પાર્વતીનું નામ મોટેથી બોલાયું, એટલે તે સફાળી ઊભી થઈ ગઈ. તેને પાંજરામાં લઈ ગયા. તેણે આસપાસ જે જોયું તેથી તે હેબતાઈ ગઈ. હોલના પશ્ચિમના ખૂણા તરફ નજર પડતાં જ, તેની આંખ તેના ધણીની સ્થિર દૃષ્ટિ સાથે મળી. તે સળિયા પાછળ જંગલી જાનવરની માફક ઊભો હતો. તેની દાઢી અને વાળ એટલાં વધી ગયાં હતાં કે, તે ભાગ્યે જ ઓળખાય. એક ગરીબ ખેડૂતને સાચા ખૂની જેવા દેખાવા માટે બે મહિનાની જેલ પૂરતી છે.

કેસમાં કંઈ વળ્યું નહીં. કહાનજીને છ વરસની સખત સજા થઈ.

કેસ પૂરો થતાં પાર્વતીના જેઠ અને બીજાઓએ તેને માટે જરાયે વિચાર ન કર્યો. મહામુશ્કેલીએ તે રામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુર પહોંચી. પાર્વતી ખરે બપોરે, ભૂખી તરસી લોથપોથ થઈ ગયેલી તેના ભાઈને ઘેર પહોંચી. પણ તેની ભાભીએ તેને ખૂબ કડવાં વેણ સંભળાવ્યાં અને કહ્યું : “ કમજાત, અહીંયાં તારે માટે જગ્યા નથી. ”

પાર્વતી હૈયાફાટ રડી. ભૂખીતરસી થાકેલી તે ત્યાંથી ચાલી નીકળી.

ખરા બપોરનો તાપ તપતો હતો. પણ ન તો તેને તાપ લાગ્યો, ન તો તેને ભૂખ લાગી. તે ફક્ત ભગવાનને જ ઓળખતી હતી અને હોઠે માત્ર તેનું નામ હતું.

તે પાસેના ગામ તરફ ઝપાટાબંધ જતી હતી. ત્યાં એક ડુંગરી હતી અને તેના ઉપર એક વિશાળ દેરું હતું.

પાર્વતી તે ડુંગરી ઉપર ચડી. થોડાં ડગલાં ચાલી ત્યાં તો તો તે એટલી થાકીને લોથ થઈ ગઈ કે તે મૂર્છા ખાઈને જમીન પર ફસડાઈ પડી.

થોડા વખત પછી તેને ભાન આવ્યું, એટલે તેણે ફરીથી ચાલવા માંડ્યું. તે દેરા આગળ પહોંચી ગઈ. પણ તે અંદર ગઈ નહીં. બહારથી તે મૂર્તિને લાંબી થઈને પગે પડી અને તેણે ભગવાનની સ્તુતિ કરી. તેના શરીરમાં થોડી સ્ફૂર્તિ આવી, એટલે તે ઊભી થઈ અને દેરાથી પણ ઊંચી આવેલી ટોચ પર ચડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડાવ ઘણો મુશ્કેલ હતો, પણ તેનામાં જાણે નવું જોમ પ્રગટ્યું હતું. તે ટોચે પહોંચી. ફેર ચડે એટલી ઊંચાઈ હતી અને પશ્ચિમની કોર ઉપરથી તેણે નીચે જોયું.

"ઓ જગદંબા! ક્ષમા કરજે. તારી ગોદમાં મને લઈ લે," એમ બોલીને અગાધ ઊંડાણમાં તેણે પડતું મૂક્યું.

બિચારી પાર્વતીનો દુઃખી આત્મા પિંજરમાંથી ઊડી ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

બ્રાહ્મણીનો છોકરો

૧

"હાય હાય, મારું એકનું એક રતન ક્યાં ખોવાયું? ફળિયામાં બેસાડીને હું હમણાં જ ગઈ હતી!"

આમ બૂમ પાડતી વિધવા બાઈ રાધા હાંફળી ફાંફળી આમ તેમ ગાંડીની જેમ દોડતી હતી. એને રડવું કે હસવું એનું ભાન નહોતું. તેનો સાદ ફાટી જતો હતો. બિચારી મનમાં આશા બાંધી બેઠી હતી કે, છોકરો કાલે સવારે મોટો થશે ને મજ નોધારીને આ સૂના સંસારમાં કંઈક આધાર થશે.

"હું કહેતી જ હતી કે, એ કર્મફૂટેલ સોનાનો કંદોરો એને ન પહેરાવો. તમારાં પોતાનાં જ કર્મ ફૂટેલાં છે એ બહુ હતું. પાસેના ઘરમાં લક્ષ્મીને પૂછી તો આવો કે, મશ્કરીમાં છોકરું સંતાડ્યું કર્યું તો નથી?"

"કાલે ચોર આવ્યા હતા ખરા. એ ટોળી પર મને વહેમ આવ્યો જ હતો." ડોશીનું — રાધાની માનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—કહેવું સાચું હતું. ગામને પાદર લફંગા લોકોની ટોળી ઊતરી હતી ને સોનાના કંદોરાને લોભે તેઓ રાધાનું બાળક ચોરી ગયા હતા.

૨

ભંગીવાડામાં લખી કરીને એક બાઈ આંગણામાં વાસીદું કરતી હતી.

"સાંભળો છો કે? આમ આવો, જુઓ ભગવાને આપણે સારુ ભેટ મોકલી છે."

તેનો ધણી પેમો દોડી આવ્યો ને અચરજ જોયું. ભીંત પાસે ઉકરડો હતો; ત્યાં એક નાનકડું સુંદર બાળક પડ્યું હતું. તે બાળક હસ્યા કરતું હતું. તેને લખીએ તેડી લીધું ને ધવડાવ્યું. "હાય, બિચારું કેટલું બધું ભૂખ્યું છે!"

ગામમાં શીતળાના વાયરા હતા. પેમો તેમાં ઝડપાઈ ગયો. ત્રણ દહાડા પછી તેને ભારે શીળી નીકળ્યા. પેમો તો લખીને વિધવા મેલીને ચાલતો થયો.

પેમો દેવું મૂકતો ગયો હતો. ભંગીવાડાના બીજા ભંગીઓની પેઠે તેનેયે દારૂનો ચસકો લાગ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધરાઈના પ્રમુખ ભલા હતા. તેમણે બૈરાંઓનો રોજ વધારી આપ્યો. આથી દારૂડિયા ધણીની સાથે લખીનો સંસાર ચાલતો હતો તે કરતાં વિધવાદશામાં તે વધારે સુખણી થઈ.

પેમા જોડે પેલા બાળકને પણ શીતળા નીકળેલા, પણ ઈશ્વરની દયાથી તેને જોરથી નીકળ્યા નહોતા. મોઢા ઉપર થોડાક ફોલ્લા નીકળીને મટી ગયા. ઉકરડેથી જડી આવેલું બાળક ભંગીના છોકરા તરીકે ઊછર્યું.

છોકરાનું નામ પેથો પાડ્યું હતું. પણ ભંગીના કામમાં એનો હાથ કેમે કર્યો બેઠો નહિ. તે રેલવે સ્ટેશન ઉપર જઈને મજૂરને કામે લાગ્યો. રોજ સાંજે આનો બે આના લાવીને માને આપતો. પેથો બહુ જ ચાલાક હોવાથી સ્ટેશનનાં માણસોમાં સૌને વહાલો થઈ પડ્યો. પણ ગમે તેવો તોયે તે ભંગીનો છોકરો! તેની હદમાં રહીને જ તેણે કામ કરવું જોઈએ.

એક દિવસ ગાડી આવતાં પેથો પહેલા વર્ગના એક ડબા પાસે જઈ પહોંચ્યો. બે બીજા છોકરાઓ પણ તે જ ડબા તરફ દોડી ગયા. મુસાફર કોઈ હિંદુ ગૃહસ્થ હતા. તે મોટા અધિકારી જેવા દેખાતા હતા, એટલે મજૂરી મબલક મળવાનો સંભવ હતો. તેમણે બધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન પેથાને સોંપી દીધો. પેલા બીજા છોકરાઓને અદેખાઈ આવી, એટલે એક જણે કહ્યું: "સાહેબ, એ તો ભંગીનો છોકરો છે."

"ભંગી છે?" એ મોટા માણસ ગરજી ઊઠયા. તેમણે પેથા પાસેથી સામાન ખૂંચવી લીધો ને તેને ડબામાંથી કાઢી મેલ્યો. પેથો બિચારો મારની બીકથી નાસી ગયો. તે દહાડે પેથો મા પાસે ખાલી હાથે ગયો.

"બા, આજ કંઈ નસીબે યારી ન દીધી," એમ કહીને તેણે બધી વાત માને કહી સંભળાવી.

"ભલે આપણે ભંગી રહ્યાં; એમાં શું ખોટું થઈ ગયું? એ લોકોનું લોહી રાતું હશે અને આપણું કાળું હશે. તેમની કાયા સોનારૂપાની હશે ને આપણી હાડમાંસની. પણ તું એવાના ડબામાં ગયો જ શું કામ? ગાડીમાં ગોરા લોકો નહોતા?"

"ડબા બહાર પટાવાળાઓને જોઈને મને લાગ્યું, કોઈ ગોરા સાહેબ અંદર હશે, તેથી હું ત્યાં ગયો."

"હશે, બેટા, કોઈક દિવસ એમ પણ હોય. જા, હવે ઘેંસ કરી રાખી છે તે પી લે. ગરીબને પાળનાર હજાર હાથવાળો બેઠો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

આજે પેથાને સારા શુકન થયા હશે. તેને રોજથી બમણી કમાણી થઈ. હરખભર્યો ઘર ભણી તે દોડ્યો આવતો હતો, ત્યાં રસ્તા ઉપરની હોટેલ પાસે તેના જેવા બે ચાર મજૂર છોકરાઓને ભજિયાં ખાતા તેણે જોયા. એને પણ મન થઈ ગયું. એટલે દુકાનવાળા પાસે તેણે ભજિયાં માગ્યાં.

એક મજૂર છોકરાએ કહ્યું : "શેઠ, એ તો ભંગીનો છોકરો છે."

દુકાનદાર બ્રાહ્મણ હતો. તે ચિડાઈને તડૂક્યો : "જા અહીંથી, હરામખોર! ભજિયાં ખાનારો આવ્યો!" મારની બીકે પેથો જીવ લઈને નાઠો. પેલા મજૂર છોકરાઓ રાજી થઈને હસવા લાગ્યા.

થોડે દૂર જઈને તે ઊભો રહ્યો. ત્યાં દારૂનું પીઠું હતું. પીઠાને નાકે એક ડોસી ટોપલામાં ભજિયાં લઈને બેઠી હતી. તેની પાસેથી એક આનાનાં ગરમાગરમ ભજિયાં લઈ તે ખાવા લાગ્યો. એક ડોસો ત્યાં ઊભો હતો, તે છોકરાની મજાક કરવા લાગ્યો. તેણે કહ્યું : "અંદર જઈને એક પ્યાલી લઈ આવ ને પછી જો ભજિયાંનો સ્વાદ!" છોકરાને મન થયું, પણ પગ ન ઊપડ્યા. વળી કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો લલચાવનાર મળ્યો. તેઓ સહુ સાથે પીઠામાં પેઠા. તે દહાડે પેથાને ઘેર જતાં પહેલી વાર મોડું થયું.

લખીએ પૂછ્યું : "આજે શું હતું, બેટા? મોડું કેમ થયું?"

પેથાએ કંઈ જવાબ ન આપ્યો. નીચું ઘાલીને એક ખૂણામાં ભરાઈ રહ્યો. વાસ ઉપરથી લખીએ જાણી લીધું. બિચારી વલોપાત કરવા લાગી. અંતરના સંતાપથી તેણે નિસાસો નાખ્યો : "મારી બધી આશા ધૂળધાણી થઈ ગઈ!"

૪

લખી એક દહાડો મરી ગઈ. પેથો હવે જુવાન થયો હતો. તેઓ સુધરાઈના ઘરમાં રહેતાં હતાં; પણ સુધરાઈમાં તે કામ કરતો નહિ, તેથી તેને ને તેની બૈરીને ઘરમાંથી નીકળવું પડ્યું. પેથાએ ધાર્યું હતું તે કરતાં વધારે એની ડોશી મૂકતી ગઈ હતી. ૧૨૦ રૂપિયા એક કોથળીમાં બાંધીને એક માટલામાં સાચવીને તે મૂકતી ગઈ હતી. આટલી મૂડીથી એક ગાંધિયાણાનું હાટ કરવાનો પેથાએ વિચાર કર્યો.

ગામની બજારમાં ભંગીને દુકાન ક્યાંથી મળે? અને વખતે ભાડે કોઈ આપે, તોયે એને ત્યાં ઘરાક કોણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે? ભંગીવાડામાં દુકાન ખોલે તો થઈ શકે, પણ ત્યાં તો ઘરાકી એકલા ભંગી લોકોની જ. એમાં કેટલી કમાણી થાય? છતાં તેણે નાકા ઉપર એક દુકાન ખોલવાનું નક્કી કર્યું.

માલની ખરીદી ક્યાંથી કરવી એ હજુ ઠરાવવાનું હતું. ભંગીવાડામાં એક બીજો દુકાનદાર હતો તેની સલાહ લેવા પેથો ગયો. પરંતુ તે શેનો સલાહ આપે? તેનો ધંધો આમેય બહુ ઓછો ચાલતો હતો, તેમાં નવો હરીફ જાગે તો તેનું સાવ પડી ભાગે. વળી પેથાને કોઈ ઊંચા વરણના માણસની મારફતે બધી ખરીદી કરવી પડતી. પણ મૂળ વેપારી અને પેલા આડતિયાના વચલા વહેવારમાં ભાવ એટલા બધા વધી પડવા લાગ્યા કે, તેનું ટકું બહુ આગળ ચાલ્યું નહીં. ઘરાકી પણ એટલી ઓછી હતી કે તેને ખોટ જવા લાગી. એટલે તેનો ધંધો થોડા દિવસમાં પડી ભાંગ્યો!

પેથો અને તેની વહુ હવે એક મોટી મિલમાં કામે જતાં. વહુ રોજ પરોઢિયામાં ચાર વાગ્યે ઊઠતી ને મિલનો વખત થાય તે પહેલાં રાંધીસીંધીને તૈયાર થઈ જતી. પેથાની વહુ જરા વહેલી ઘેર જતી ને બધું સમુંનમું કરી રાખતી. પણ પેથો રાતે બહુ જ મોડો આવતો, અને ઘણી વાર દારૂથી તર થઈ ને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનો સંસાર દુઃખ દારિદ્રમાં ચાલતો. પેથાને ઘણી વાર મા સાંભરતી. તે હતી ત્યારે થોડું કમાતાં છતાં કેવાં સુખચેનમાં રહેતાં! લખીએ તેને ઊંચે સાદે કોઈ દહાડો વચન કહ્યું નહોતું. પણ હવે દિવસ આખો મજૂરી કરીને થાક્યોપાક્યો રાત્રે ઘેર આવે ત્યારે બિચારાના નસીબમાં લડવાડ અને ગાળોના વરસાદ! દિવસે દિવસે તે ઝાઝો દારૂ પીવા લાગ્યો.

૫

ગામમાં આજે મોટી સભા થઈ હતી. ગાંધીનાં માણસો આવ્યાં હતાં. તેમનાં ભાષણો થયાં. મિલમજૂરો ભેગો પેથો પણ સભામાં ગયો હતો. તેઓએ કહ્યું: "દારૂ ન પીશો. રેંટિયો કાંતજો. અંત્યજોને કાઢી ન મૂકશો; એ પણ આપણા ભાઈઓ જ છે."

પેથાને તેની નાનકડી હાટડી યાદ આવી. "મારી હાટડી જો ગામની બજારમાં જ હોત, અને બીજા બધાની પેઠે જો મારાથી મને ફાવે ત્યાંથી ખરીદી કરી શકાતી હોત ને ફાવે તેને વેચી શકાતું હોત, તો મારી માના પૈસા આમ એળે જાત નહિ." તે દહાડે આવો વિચાર મનમાં ઘોળતો ઘોળતો તે દારૂના પીઠા પાસે થઈને પસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો. પણ જોર કરીને પીઠા તરફ વળતા પગને તેણે વાળી લીધા.

પેથો મૂળ તો બ્રાહ્મણનો છોકરો હતો — રાધાનો દીકરો. પણ તેને કે બીજા કોઈને એ વાતની ખબર નહોતી. પણ એમાં શું થઈ ગયું? તે જન્મે ભંગી જ હતો એમ માનીએ, તોયે અસ્પૃશ્યતા એ શું પાપ નથી ઠરતી? કેટલાક સમજે છે કે, અસ્પૃશ્યતા માણસને તેના રોજના વ્યવહારમાં જરાયે નડતી નથી; એ તો કેવળ ધાર્મિક ભેદ છે; બાકી બીજી વ્યવહારની બાબતોમાં તો સૌ સમાન જ છીએ. સાચી વાત તો એ છે કે, અસ્પૃશ્યતા એ તો આપણા જીવનના અંગેઅંગમાં અન્યાય અન્યાય ભરી મૂકે છે; આખી પ્રજા ઉપર તે મેશનો ડાઘ છે. દેખવું છે તેને તો તે ડાઘ આંખે વળગે એવો મોટો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં કેટલાંક પુસ્તકો

પ્રાચીન શીલકથાઓ	ગોપાળદાસ પટેલ	૦–૭–૦
વેર અને બદલો	,,	૦–૭–૦
વેર અને અવિચાર	,,	૦–૬–૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી	૦-૧૨-૦
શીલ અને સદાચાર	,,	૦–૬–૦
મોટાં માણસોનાં મન	,,	૦–૯–૦
પચાસ પ્રેરક પ્રસંગો	,,	૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો	,,	૦-૧૦-૦
ભક્તરાજ	,,	૧–૦–૦
જાણવા જેવી વાતો	,,	૦–૬–૦
સંત-સમાગમ	,,	૦–૬–૦
સ્વરાજ એટલે શું	મગનભાઈ દેસાઈ	૦–૭–૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,,	૦–૭–૦
આપણું પરમ યંત્ર	,,	૦–૬–૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar